સુવિચાર : આપણું ગૌરવ આપણે શું કરીએ છીએ તેમાં નથી, આપણે શું સમજીએ છીએ તેમાં છે... - સરદાર પટેલ

**તાપમાન**
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦૬ | ૬ ઓક્ટોબર, ૨૦૧૫, મંગળવાર ; ભાદરવા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- બિહાર : નરેન્દ્ર મોદી ઝંઝાવતી પ્રચાર કરવા માટે સંપૂર્ણ તૈયાર
- લાલુ સાથે સોનિયા-રાહુલ ગાંધી મંચ પર નહી દેખાય
- જોઇન્ટ મેડિકલ ટેસ્ટ માટેની દરખાસ્ત આખરે મંજૂર થઇ
- વ્યાપમ કાંડ બાદ નવી હિલચાલ હાથ ધરાઈ
- જમ્મુ કાશ્મીરના ભદરવાહમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઇ
- સર્ચ ઓપરેશન દરમિયાન જુદી-જુદી અથડામણમાં ૪ જવાનો શહીદ
- અંતે સોમનાથ ભારતીને જામીન આપવા ઈનકાર
- રાધે માં કાળા જાદુ કરે છે તેવા કોઈ પુરાવા જ નથી
- શેરબજારમાં તીવ્ર તેજી : સેન્સેક્સ વધુ ૫૬૫ પોઈન્ટ ઉછળીને બંધ
- હવે ફ્લિપકાર્ટની બિગ બિલીયન સ્કિમ શરૂ થશે

# ભારત-જર્મની વચ્ચે ૧૮ એમઓયુ પર હસ્તાક્ષર

**મોદી અને જર્મન ચાન્સલર માર્કેલ વચ્ચે ઐતિહાસિક મંત્રણા : ભારતમાં જર્મન કંપનીઓ માટે ફાસ્ટટ્રેક સિસ્ટમ સ્થાપવા જાહેરાત : ભારતમાં ગ્રીન એનર્જી કોરીડોર તેમજ સોલાર માટે જર્મની એક અબજ યુરો આપશે**



નવી દિલ્હી, તા. ૫

ભારત અને જર્મનીએ આજે ઐતિહાસિક ૧૮ એમઓયુ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. બિઝનેસ સંબંધોને વધુ સરળ કરવાની દિશામાં સમજુતી કરવામાં આવી હતી. જર્મન ચાન્સલર એન્જેલા માર્કેલ હાલમાં ભારતની ઐતિહાસિક યાત્રા ઉપર છે. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એન્જેલા માર્કેલે વિવિધ મુદ્દા ઉપર શિખર વાતચીત કરી હતી. બન્ને નેતાઓએ વિવિધ પ્રશ્નો ઉપર ચર્ચા કરી હતી. દ્વિપક્ષીય સહકારને વધારવા બન્ને પક્ષો રાજી થયા હતા. વેપાર અને મૂડીરોકાણને વધારવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. વૈશ્વિક મંદી પ્રવર્તી રહી છે ત્યારે આને લઈને ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી હતી. માર્કેલની સાથે અનેક કેબિનેટ પ્રધાન અને ટોચના અધિકારીઓનું પ્રતિનિધિમંડળ ગઈકાલે મોડી રાત્રે ભારત આવી પહોંચ્યું હતું. આજે સવારે રાષ્ટ્રપતિભવનમાં માર્કેલનું શાનદાર સ્વાગત કરાયું હતું. મોદી અને માર્કેલ વચ્ચે શિખર સ્તરની આંતર સરકારી સલાહકાર સ્તરની વાતચીતમાં અન્ય મુદ્દા ઉપર પણ ચર્ચા થઈ હતી જેમાં સંરક્ષણ, સુરક્ષા, શિક્ષણ, રિનેવેબલ એનર્જીના મુદ્દા છવાયા હતા. માર્કેલ વેપાર અને મૂડીરોકાણ સાથે સંબંધિત મુદ્દાઓ ઉપર ખાસ ચર્ચામાં દેખાયા હતા. વડાપ્રધાન અને ચાન્સલરના નેતૃત્વમાં ભારત-જર્મની વચ્ચે વાતચીત શરૂ થઈ હતી જેમાં તમામ મુદ્દાઓ છવાયા હતા. બન્ને દેશો વચ્ચેની તમામ પ્રક્રિયાઓને ઝડપથી મંજુરી આપવાની બાબતને પણ લીલીઝંડી આપવામાં આવી છે.

# કાશ્મીરના ભદરવાહમાં હિમવર્ષા

## તાપમાનમાં ઘટાડો થવાના લીધે પાકને નુકસાન થઇ શકે



ભદરવાહ,તા. ૫

જમ્મુ કાશ્મીરના ડોડા જિલ્લાના ભદરવાહ ખાતે સિઝનની પ્રથમવાર હિમવર્ષા થવાના કારણે તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ ગયો છે. તાપમાનમાં એકાએક ઘટાડો થવાના કારણે પાકને ભારે નુકસાન થઈ શકે છે. અધિકારીએ કહ્યુ છે કે કાશ્મીરના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. ભદરવાહના આશા પટી, સિઓજ ધાર, છત્તર ગલીમાં ભારે હિમવર્ષા થઈ છે. તમામ જગ્યાએ હિમવર્ષા થવાના કારણે તાપમાનમાં ઘટાડો થતા લોકોમાં ફરી એકવાર મુશ્કેલી વધી ગઈ છે. લોકોને ફરીએકવાર ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે. અધિકારીએ કહ્યુ છે કે ભદરવાહમાં કેટલીક જગ્યાએ તો બરફની ચાદર છવાઈ ગઈ છે. કેટલાક નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે ડાંગર અને મક્કાઈના પાકને નુકસાન થઈ શકે છે. હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવેલી માહિતીમાં જણાવવામાં આવ્યુ છે કે હિમવર્ષા હાલમાં જારી રહી શકે છે. લોકો ફરીએકવાર ગરમ વસ્ત્રોમાં નજરે પડી રહ્યા છે.

બીજી બાજુ હાલમાં ફરવા માટે પહોંચેલા લોકોને રાહત મળી ગઈ છે. તેમને હિમવર્ષોની મજા માણવાની તક મળી છે. ચારેબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે.

# ઘી, બટર અને બટર ઓઈલ પર આયાત ડ્યુટીમાં વધારો

નવી દિલ્હી,તા. ૫

સ્થાનિક ઈન્ડસ્ટ્રીને રક્ષણ આપવાના હેતુસર સરકારે આજે ત્રણ સંબંધિત પ્રોડક્ટ ઘી, બટર અને બટર ઓઈલ ઉપર આયાત ડ્યુટીમાં વધારો ઝીંકી દીધો હતો. આયાત ડ્યુટીને ૩૦ ટકાથી વધારીને ૪૦ ટકા કરી દેવામાં આવી છે. આ વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. સ્થાનિક ઈન્ડસ્ટ્રીને રક્ષણ આપવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો છે. વિશ્વના બજારમાં કોમોડીટીના પુરવઠાને લઈને ભારે ઉથલપાથલ જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં સ્થાનિક ઈન્ડસ્ટ્રીને રક્ષણ આપવાના હેતુસર આ નિર્ણય કરાયો છે. રેવન્યુ સેક્રેટરી હસમુખ હઢીયાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, સરકારે ઘી, બટર અને બટર ઓઈલ પર આયાત ડ્યુટીને વધારીને ૪૦ ટકા કરી દીધી છે. આ આયાત ડ્યુટીમાં વધારો તાત્કાલિક ધોરણે અમલી કરાયો છે. ૩૧મી માર્ચ ૨૦૧૬ સુધી આ વધારો અમલી રહેશે. મંત્રાલય દ્વારા જરૂરી આદેશો જારી કરવામાં આવ્યા છે.

# અંતે ટ્રાન્સપોર્ટ હડતાળ સમેટાઈ

**કેન્દ્ર સરકાર સાથે વાતચીત બાદ હડતાળ ખેંચાઈ : ૫ દિવસની હડતાળના કારણે ગુજરાતને ૧૨૦૦ કરોડનું નુકશાન : ટ્રાન્સપોર્ટરોને રોજનું ૧૦૦ કરોડનું નુકશાન**

અમદાવાદ, તા. ૫

ટ્રાન્સપોર્ટરોની અચોક્કસ મુદ્દતની રાષ્ટ્રવ્યાપી હડતાળનો આજે અંત આવી ગયો હતો. ભારત સરકાર સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજવામાં આવ્યા બાદ આ હડતાલને પાછી ખેંચી લેવાઈ હતી. આજે સાંજે માર્ગ પરિવહન અને રાજમાર્ગપ્રધાન નિતિન ગડકરી સાથે મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. જેમાં કેટલીક ખાતરી આપવામાં આવ્યા બાદ હડતાલને પાછી ખેંચી લેવાઈ હતી. ઓલ ઈન્ડિયા મોર્ટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ દ્વારા વર્તમાન ટોલ વ્યવસ્થાને નાબુદ કરવાની માંગણી કરવામાં આવી હતી. અગાઉ ગડકરીએ કહ્યું હતું કે, કેટલીક ગુંચવણ રહેલી છે, જેથી સરકાર ગંભીરતાપૂર્વક વાત કરશે. દરમિયાન છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલ હડતાલના કારણે ગુજરાતમાં ૧૨૦૦ કરોડનું નુકશાન થયું છે. બીજીબાજુ ટ્રાન્સપોર્ટરોને દરરોજનું ૧૦૦ કરોડનું નુકશાન થઈ રહ્યું હતું. ઈન્ડસ્ટ્રીઝ સુત્રો દ્વારા નુકશાનની માહિતી આપવામાં આવી છે. પાંચ દિવસથી ચાલી રહેલ હડતાલના કારણે કૃષિ, એન્જિનિયરીંગ સેક્ટર, નિકાસ, આયાત બિઝનેસને સૌથી વધુ અસર થઈ હતી. અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનના સેક્રેટરી મુકેશ દવેએ અગાઉ દાવો કર્યો હતો કે, હડતાલના કારણે ટ્રાન્સપોર્ટરોને દરરોજનું ૧૦૦ કરોડનું નુકશાન થયું છે. જેથી ઈન્ડસ્ટ્રીને કુલ નુકશાન ૧૨૦૦ કરોડની આસપાસ થયું છે. જીવનજરૂરી ચીજવસ્તુઓનો પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો.

છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલ હડતાલના કારણે જીવનજરૂરી ચીજવસ્તુઓના પુરવઠા પર માઠીઅસર થઈ હતી. ચીજવસ્તુઓની કિંમતમાં ઉલ્લેખનીય વધારો શરૂ થવાનો સિલસિલો શરૂ થઈ ચુક્યો હતો. હડતાલના કારણે દેશના જુદા જુદા ભાગોમાં ચીજવસ્તુઓનો પુરવઠો ખોરવાઈ ગયો હતો.

ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ દ્વારા હડતાળની હાકલ કરવામાં આવી હતી. વર્તમાન ટોલ કલેક્શન વ્યવસ્થાને નાબૂદ કરવાની માંગણીને લઈને આ હડતાળ પાડવામાં આવી હતી. ટ્રક ચાલકોનું કહેવું હતું કે, આના કારણે ટ્રક ચાલકોને ઘણી મુશ્કેલી થઈ રહી છે. ટોલ વ્યવસ્થાને નાબૂદ કરવાની માંગ થઈ રહી હતી.




## સરળ - સસ્તો અને ઝડપી ન્યાય માટે સરકારની પ્રતિબદ્ધતા : આનંદીબેન

ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લૉ-યુનિવર્સિટીના અતિ આધુનિક ઓડિટોરીયમ 'ઔરા'નું બાંગલાદેશ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સુરેન્દ્રકુમાર સિંહા અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ઉદઘાટન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કાયદાશાખાના વિદ્યાર્થીઓને તેમની વકિલાત કારકિર્દીમાં ગરીબ અને જરૂરિયાતમંદ વ્યક્તિના કેસ વિનામૂલ્યે લડીને સમાજ દાયિત્વ નિભાવવા પ્રેરક આહ્વાન કર્યું હતું. સૌને સરળ, સસ્તો અને ઝડપી ન્યાય મળી રહે તેવી પ્રતિબદ્ધતામાં પણ ગરીબ વ્યક્તિ કેન્દ્ર સ્થાને હોવો જોઈએ. બાંગલાદેશના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી સુરેન્દ્રકુમાર સિંહાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, દક્ષિણ એશીયામાં વિકાસ અને શાંતિપૂર્ણ માહોલ સ્થાપવા બંને દેશોનો સહિયારો પુરુષાર્થ અનિવાર્ય છે. આ પ્રસંગે રાજ્ય કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજા, જી.એન.એલ.યુ.ના ડાયરેક્ટર ડૉ. બિમલ પટેલ તથા કાયદા તજજ્ઞો અને વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોઢેરા પાસે હાર્દિકના કાફલાને અટકાવાયો : સમર્થકો સાથે ઝપાઝપી

મહેસાણા, તા.૫

મહેસાણા જીલ્લાના મોઢેરા પાસે હાર્દિકના કાફલાને કેટલાક પાટીદાર આગેવાનોના સમુહે અટકાવ્યો હતો. બિનસત્તાવાર સુત્રોનું માનીએ તો બોલાચાલી અને ધાકધમકીની ભાષામાં હાર્દિકના સમર્થકો સાથે ઉગ્ર ઝપાઝપી થઈ હતી. હાર્દિકના ખાસ ટેકેદાર દિનેશ બાંભણીયાને પગ ભાંગી નાખવાની ધમકી પણ અપાઈ હતી. હાર્દિકના કાફલાને અટકાવનાર સમુહ ગૃહ રાજ્યમંત્રી રજનીકાન્ત પટેલના સમર્થકો હોવાનું મનાય છે.



મહેસાણા જીલ્લાના મોઢેરા ગામમાં હાર્દિક પટેલ પાટીદારોને મળવા આવ્યો હતો તે દરમિયાન આ ઘટના બની હતી. હાથમાં લાકડીઓ લઈને આવેલા ટોળાએ ધાકધમકીથી આખા કાફલાને અટકાવ્યો હતો. કોઈ એક સમર્થકને થપ્પડ પણ મારી હોવાનું કહેવાય છે. હાર્દિકના સમર્થકોના જણાવ્યા અનુસાર આ સમગ્ર ષડયંત્ર ગોઠવાયેલું છે અને રજનીકાન્ત પટેલના ખાસ સમર્થક વિનોદભાઈ (સ્વામી) દ્વારા કાફલાને અટકાવાયો હતો.




# કેન્દ્રની સાગરમાલા પહેલને ગુજરાતનો સહયોગ

ગાંધીનગર, તા. ૫

ગુજરાતના નાણામંત્રી સૌરભ પટેલે આજે જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના મજબૂત નેતૃત્વ હેઠળ રાજ્યે વિશેષ્ટ બંદરો આધારિત આર્થિક વિકાસના મોડલ સાથે દેશને દિશા બતાવી છે, જેમાં બંદરોના વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથેસાથે શિપ-બિલ્ડિંગ, શીપ રિસાયકલિંગ, મેરિટાઈમ સિક્યુરિટી, લોજીસ્ટિક્સ વગેરે જેવી બંદરો સંબંધિત પ્રવૃત્તિઓના વિકાસને પણ મહત્વ આપ્યું છે. ગુજરાતે રો-પેક્સ ફેરી સર્વિસિસ અને મેરિટાઈમ કલસ્ટર જેવવા અનોખા પ્રોજેક્ટનો ખ્યાલ પણ રજૂ કર્યો છે. કેન્દ્રીય શિપિંગ મંત્રી નીતીન ગડકરીની અધ્યક્ષતા હેઠળ યોજાયેલ નેશનલ સાગરમાલા એપેક્સ કમિટિની પ્રથમ બેઠકને સંબોધન કરતા સૌરભ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪-૧૫માં ગુજુરાતના નાના બંદરોએ કુલ ૩૩૬ એમએમટી કાર્ગોનું સંચાલન કર્યુ હતું જે દેશના કુલ કાર્ગો ટ્રાફિકના ૩૨ ટકા તથા દેશના અન્ય નાના બંદરો દ્વારા સંયુક્તપણે સંચાલિત કાર્ગોના ૭૪ ટકા થવા પામે છે. ગુજરાતનું કંડલા બંદર ભારતના કુલ એક્ઝિમ કાર્ગોના ૪૨ ટકાનું સંચાલન કરે છે.

# ધરોઈ ડેમ નજીક સંત નગરીનું નિર્માણ થશે

અમદાવાદ, તા.૫

મુખ્ય મંત્રી આનંદીબેન પટેલની અધ્યાક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાષ્ટ્રીય સંત ભૈયુજી મહારાજે સાબરકાંઠાના વડાલી નજીક નિર્માણ થઈ રહેલા સુચિત સંતનગરી પ્રોજેક્ટ અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

વડાલી નજીક ધરોઈ ડેમ પાસે ૫૩૯ એકરમાં આકાર પામી રહેલી આ સંતનગરી ભારતીય સંત પરંપરા અને મૂળભુત શાશ્વત સંસ્કારો યુવા પેઢીમાં પુનઃજીવીત કરવાનું સંવર્ધન કેન્દ્ર-રાષ્ટ્રીય એકતા સ્મારક બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા અંદાજે રૂ.૫૭૫ કરોડના ખર્ચે ત્રણ તબક્કામાં સાકાર થશે

## ટેકનીકલ ફિલ્ડમાં નોકરી માટે ભરતી અંગેની જાહેરાત

ભારત સરકારના કંપની એક્ટ ૧૯૫૬ અંતર્ગત રજીસ્ટર્ડ અગ્રણ્ય કંપનીઓમાં ગુજરાત રાજ્યમાં નીચે પ્રમાણે નોકરીની ખાલી જગ્યાઓ ભરવા માટે યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. નીચે દર્શાવેલ જગ્યાઓ વધ-ઘટ થવાને પાત્ર છે.

| B.E./B.Tech | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|
| Mechanical | 63 | 10,000 - 30,000 |
| Electrical | 136 | 10,000 - 30,000 |
| I.T. / Computer | 93 | 10,000 - 30,000 |
| E.C. | 156 | 10,000 - 30,000 |
| Auto Mobile | 18 | 10,000 - 30,000 |
| Civil Engg. | 65 | 10,000 - 30,000 |

| Diploma | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|
| Mechanical | 50 | 7,500 - 25,000 |
| Electrical | 50 | 7,500 - 25,000 |
| I.T. / Computer | 43 | 7,500 - 25,000 |
| E.C. | 26 | 7,500 - 25,000 |
| Civil Engg. | 25 | 7,500 - 25,000 |

| I.T.I | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|
| Fitter | 57 | 6,000 - 15,000 |
| Wireman | 50 | 6,000 - 15,000 |
| Turner | 41 | 6,000 - 15,000 |
| Diesel / Mech. | 28 | 6,000 - 15,000 |
| COPA | 78 | 6,000 - 15,000 |

| Other | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|
| B. Com | 426 | 8,000 - 20,000 |
| M.Com | 102 | 15,000 - 40,000 |
| B.B.A. | 166 | 8,000 - 20,000 |
| M.B.A. | 239 | 15,000 - 40,000 |
| B.C.A. | 169 | 8,000 - 20,000 |
| M.C.A. | 173 | 10,000 - 35,000 |
| B.Sc. | 130 | 10,000 - 20,000 |
| M.Sc. | 155 | 15,000 - 40,000 |

| | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|
| 10th Pass | 292 | 6,000 - 10,000 |
| 12th Pass | 1589 | 7,000 - 12,000 |

અરજી www.gsdps.org.in વેબસાઈટ ઉપર ઓનલાઈન કરવાની છે.

હેલ્પ લાઈન નં. + 91-9510535555
સોમવાર થી શુક્રવાર ૧૧.૦૦ થી ૫.૦૦

Regd No. F/18285/Ahmedabad

ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા. ૩૧-૧૦-૨૦૧૫ છે. ભરતીને લગતા તમામ નિયમો www.gsdps.org.in વેબસાઈટ ઉપર મુકેલા છે. જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.